

ગુરૂવારની સવારે વાતાવરણમાં અચાનક પલટો આવી ગયો. વાદળછાયા વાતાવરણ વચ્ચે છુટા છવાયાં વરસાદના છાંટણા પડ્યા, ક્ષણવારમાં તો લાગ્યું કે વરસાદ વરસશે. પરંતુ ધીમે ધીમે વાદળો હટી ગયા અને આકાશ એકદમ સાફ થઈ ગયું. (તસવીર : કશ્યપ નીમાવત)

# આર.ટી.ઓ. જૂના વાહનોને પણ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવશે

## દિવાળી બાદ તબક્કાવાર ઝૂંબેશ હાથ ધરવા વિચારણા

ગાંધીનગર, તા. ૨૫

આર.ટી.ઓ. દ્વારા હવે આગામી દિવસોમાં જૂના વાહનોને પણ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવવા ઝૂંબેશ હાથ ધરાશે. જો કે વ્યવસ્થા જાળવવા આ કામગીરી નંબરોની સીરીઝને ધ્યાને લઈ તબક્કાવાર હાથ ધરવા વિચારાઈ રહ્યું છે. દિવાળી બાદ જૂના વાહનોને હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવવા અભિયાન હાથ ધરાશે.

નગરની હાઈટેક આર.ટી.ઓ. કચેરી દ્વારા આમ નાગરિકોને કોઈપણ પ્રકારની હેરાનગતિ વેઠવી ન પડે તે માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ તેમજ પેપરલેસ વહીવટનો અભિગમ અપનાવાયો છે. અરજદારોની રજૂઆતોનો ઝડપી નિકાલ આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સની ફાળવણી માટે અદ્યતન ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક આધારિત કસોટી લેવામાં આવે છે.જ્યારે સુરક્ષાને લઈને પણ નવા વાહનોને હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવવાનું કામ શરૂ કરવામાં આર.ટી.ઓ. કચેરીએ જાગૃતા દાખવી હતી. થોડા સમય અગાઉ આર.ટી.ઓ. દ્વારા હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ વગરના અદ્યતન બાકી રહી ગયેલા નવા વાહનોને પ્લેટ ફીટ કરવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કલોલમાં બે તબક્કામાં કેમ્પ યોજવામાં આવ્યો હતો. જ્યારે હવે જૂના વાહનોને પણ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષી ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા આગામી દિવાળીના પર્વ બાદ આ કામગીરી હાથ ધરવાનું આયોજન થઈ રહ્યું છે. જેમાં વાહનોની સંખ્યાને ધ્યાને લઈ સીરીઝ પ્રમાણે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવશે.

# મા-જગદંબાના મહાપર્વ નવરાત્રીનો રંગે ચંગે મંગલ પ્રારંભ

## ઘટસ્થાપન પછી માં દુર્ગાના પ્રથમ સ્વરૂપ શૈલ પુત્રીનું પૂજન થયું, આજે બ્રહ્મચારિણીના સ્વરૂપનું પૂજન

ગાંધીનગર, તા. ૨૫

માં જગતજનની જગદંબાના મહાપર્વ નવરાત્રીનો આસો સુદ એકમથી શકિત, ભકિત અને ગરબા રાસની રમઝટ સાથે રંગેચંગે મંગલ પ્રારંભ થયો છે. એકમના ગુરુવારના રોજ શુભમુહુર્તમાં આદ્યશકિતનું ઘટસ્થાપન કરી તેના પ્રથમ સ્વરૂપ શૈલ પુત્રીનું પૂજન અર્ચન થયું હતું. રાજયભરના દૈવી મંદિરોમાં માં ભગવતીની ઉપાસના, આરાધના અને અનુષ્ઠાનનો શુભારંભ થયો છે તો કેટલાક દેવી ભકતોએ સ્વગૃહે માતાજીના અનુષ્ઠાન, જપ, તપ અને વ્રતની ભારે ભકિત સાથે શરૂઆત કરી છે. રાત્રીએ માતાજીના ચાચર ચોકમાં રોશનીથી ઝમગમતા માતાજીના મંડપમાં ગરબા અને રાસની રમઝટ બોલાવી માંના આ પર્વની ઉજવણી થઈ રહી છે.

**નવરાત્રિ કાઉન્ટ-ડાઉન**

નવરાત્રીનું પર્વ માતૃશકિતની આરાધનાનું મહાન પર્વ છે. સમગ્ર વિશ્વમાં ગુજરાતના આ મહાપર્વની નોંધ લઈ તેનું અનુકરણ કરવાની



પ્રવૃત્તિ થઈ રહી છે. આ મંગલપર્વનો પ્રારંભ થઈ ચુકયો છે જેમાં સવારે શુભ મુર્હુતમાં ઘટસ્થાપન સાથે માંનો ગરબો દર્શનાર્થે મુકાય છે જેમાં શકિત, ભકિત, ઉપાસના, જપ, તપ, વ્રત અને હોમહવનનો સમગ્ર મહિમા સમાયેલો છે. શારદીય નવરાત્રીમાં પૂર્ણ ભકિતભાવથી માં ભગવતીના પૂજન અર્ચનથી ભકિત કરી માં ની કૃપા થકી બંધનમુકત, ધન-ધાન્ય, પુત્ર લાભ અને સંપત્તિને પામે છે. રાત્રીએ માં ના દરબારમાં ઢોલ-નગારા સાથે આનંદ કરી ઉત્સવ વ્યકત કરવાનો મહિમા છે.

પ્રથમ નોરતુ એ નવ સ્વરૂપ પૈકી માં જગદંબાનું શૈલપુત્રીનું સ્વરૂપ છે જેનું પૂજન થઈ ગયું. જેમાં દૈવી એ હિમાલયના ત્યાં જન્મ લીધો તેથી તેમનું નામ શૈલ પુત્રી પડયું હતું. તેઓ નંદી નામના વૃષભ ઉપર સવાર છે જેમના હાથમાં ત્રિશુલ અને કમળ ધારણ કરેલું છે. જેમને ત્રણે લોકના જીવસૃષ્ટિના રક્ષક માનવામાં આવે છે આ પ્રથમ સ્વરૂપના પૂજનથી સુખ સુવિધાની ઉણપ કયારેય વર્તાતી નથી જયારે આજે બીજા સ્વરુપ બ્રહ્મચારિણીનું પુજન થશે. જેમના જમણા હાથમાં માળા અને ડાબા હાથમાં કમંડળ ધારણ કર્યું છે. માતાજીએ કઠોર તપસ્યા કરી શિવજીને પ્રાપ્ત કર્યા છે જેમનું પૂજન કરવાથી તપ, ત્યાગ, સદાચાર અને સંયમ જેવા સદગુણો પેદા થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિર ફેઈઝ-૨-બીનું કામ વાઈબ્રન્ટ પહેલા પૂર્ણ કરી દેવાશે

## ફેઈઝ-૨ બીની કાર્યયોજના અન્વયે મ્યુઝિયમ, સર્વિસ બિલ્ડીંગ તેમજ બ્રિજનું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા.૨૫

મહાત્મા મંદિરમાં હાથ ધરાયેલ ફેઈઝ-૨-બી ની કામગીરી આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે પૂર્ણ કરી દેવાશે. ફેઈઝ-૨-બી અન્વયે સર્વિસ બિલ્ડીંગ, કેબલ સ્ટેઈડ બ્રિજ તેમજ મ્યુઝિયમનું કામ હાથ ધરવામાં આવ્યું છે. બીજા તબક્કાની કામગીરીમાં અંદાજિત ૨૫૦ કરોડનો ખર્ચ થશે.

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાનું કામ પણ પ્રગતિ હેઠળ છે. જેમાં ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં હાલ વિવિધ પ્રકારના પ્લાઝા તેમજ વોટરબોડીનું નિર્માણ કામ હાથ ધરવામાં આવ્યું છે. સ્વર્ણિમ પાર્કના આ વિસ્તારમાં અનેકવિધ આકર્ષણો પણ ઉભા કરવામાં આવનાર છે. જયારે આ કાર્યયોજના આગામી વાઈબ્રન્ટ પૂર્વે પૂર્ણ કરી દેવા પણ કામગીરી તેજ બનાવી દેવાઈ છે. બીજી તરફ મહાત્મા મંદિરને અનુલક્ષી ફેઈઝ-૨-બીની કામગીરી પણ હાલ પ્રગતિ હેઠળ છે. ભવ્ય મહાત્મા મંદિરને લઈ સોલ્ટ માઉન્ટનું નિર્માણ કરાયા બાદ ફેઈઝ-૨-બીની કાર્યયોજનાઅન્વયે મ્યુઝિયમનું નિર્માણ કામ હાથ ધરવામાં આવ્યુંછે. આ ઉપરાંત સર્વિસ બિલ્ડીંગ તેમજ કેબલ સ્ટેઈડ બ્રિજ બાંધવાનું પણ કામ હાથ ધરવામાં આવ્યું છે. મહાત્મા મંદિરને અનુલક્ષી હાથ ધરાયેલી ફેઈઝ-૨-બીની કામગીરી અન્વયે હમણાં વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ મંત્રી વચ્ચે બેઠક પણ યોજવામાં આવી હતી. જેના અંતે ફેઈઝ-૨-બીની કાર્યયોજનાનું કામ ઝડપથી પૂર્ણ થાય તે માટે વિભાગના અધિકારીઓને પણ સૂચના આપવામાં આવી છે. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટને લઈ જાન્યુઆરી મહીના પહેલા આ કામગીરી પૂર્ણ કરી દેવાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.



(તસવીર : દિપક જાની)

## ફરતા ગરબાથી નવરાતનો પ્રારંભ

નગરમાં નવલી નવરાતનો પ્રાંરભ જયોતિ મહીલા મંડળ આયોજિત ફરતા ગરબા સ્પર્ધાથી થયો હતો. મહીલા મંડળ દ્વારા સતત ૪૫મા વર્ષે વિવિધ વય જૂથના સ્પર્ધકો માટે ફરતા તેમજ બેડા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫ વર્ષથી લઈ ૮૦ વર્ષ સુધીના ૧૨૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સે-૨૩ સ્થિત કડી કેમ્પસના નાથીબા હોલમાં યોજાયેલ આ સ્પર્ધાને નિહાળવા મોટી સંખ્યામાં ગરબા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગરબા સ્પર્ધા દરમિયાન જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, મેયર મહેન્દ્રસિંહ રાણા, વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ, જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ. સી.આઈ.ડી. ક્રાઈમના આઈ.જી.પી. મીરા વર્મા, ડૉ. તેજલ દલાલ તેમજ ચેતના બૂચે સ્પર્ધકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

# વિધાનસભાનું સત્ર સપ્તાહનું બોલાવવા વિપક્ષની માંગ

ગાંધીનગર, તા.૨૫

વિધાનસભાનું આગામી સત્ર એક દિવસના બદલે એક સપ્તાહ માટે બોલાવવાની માંગણી વિપક્ષી નેતા શંકરસિંહે કરી છે.

વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે એક દિવસનું સત્ર બોલવવાનું ગુજરાત સરકારનું વલણ મૂલભૂત રીતે સરકારની ભાગેડુ વૃત્તિ દર્શાવે છે. એટલું જ નહી પણ સરકાર વિધાનસભામાં પ્રજાના પ્રશ્નનો સામનો કરતાં ગભરાય છે. આ પહેલાં પણ વિધાનસભાના સત્રો વધુ દિવસો માટે મળવા જોઈએ તેવી માંગણી જે તે સમયના અધ્યક્ષને કોંગ્રેસ પક્ષ દ્વારા કરેલ હતી. લોકશાહી પ્રક્રિયામાં

● અનુસંધાન પાન-૭ પર






(તસવીર : કશ્યપ નિમાવત)

વાંસળીના સૂર - વાંસળી, પાવો, બંસરીમાંથી નિકળતા સૂર સાંભળવાનું સૌને ગમે છે... એટલે જ ગુજરાતી ગરબામાં પણ વાંસળીના સૂરનો ઉલ્લેખ કરી રાધા કૃષ્ણને કહે છે... વાંસળીના સૂર એવા રેલાય રે.... જ્યારે આ વાંસળીના સૂર વાંસળી વેચવાવાળો શેરીએ શેરીએ ફરીને રેલાવે છે ત્યારે મન-હૃદયમાં એક નવો સંચાર થાય છે....

# જૂના સેકટરોમાં રસ્તાના બાકી કામો દિવાળી પહેલા પૂર્ણ કરાશે

## સે-૨૮ થી ૩૦માં સપ્તાહ બાદ બાકીનું કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૫

શહેરના જુના સેકટરોમાં આગામી મહીનામાં માર્ગ સુધારણાનું બાકી કામ હાથ ધરવામાં આવશે. ચોમાસાના લીધે છેલ્લા ત્રણ મહીનાથી શહેરમાં રસ્તાના કામો બંધ કરી દેવાયા હતા દિવાળી પર્વે બાકીની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન કરી દેવાયું છે.

શહેરમાં માર્ગ સુધારણાનું કામ છેલ્લા ત્રણ મહિનાથી બંધ કરી દેવાયું હતું. વરસાદી દિવસોમાં રસ્તાના કામો બંધ કરી દેવાતા જૂના સેકટરોમાં હજુ આંતરિક રસ્તાઓને ચકાચક બનાવવાની કામગીરી અધુરી છે. સે-૨૦ થી ૩૦ના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગોની સુધારણા માટે તંત્ર દ્વારા ગત ઉનાળા દરમિયાન માર્ગ નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સે-૨૦ થી ૨૭માં રસ્તાના મોટા ભાગના કામો પૂર્ણ કરી દેવાયા હતા જો કે વરસાદી દિવસો શરૂ થતા તંત્ર એ માર્ગ સુધારણાની કામગીરી બંધ કરી દેવી પડી હતી. હાલની સ્થિતિએ સે-૨૮ થી ૩૦માં રીંગ રોડ તેમજ આંતરિક રસ્તાઓનું કામ બાકી છે જયારે બાકીની કામગીરી પૂર્ણ કરવા આગામી મહીનાના પ્રારંભે કામ શરુ કરી દેવાશે. આગામી દિવાળી પર્વે સેકટરોમાં રસ્તાના અધુરા કામ પૂર્ણ કરી દેવાશે.

આ ઉપરાંત સે-૨૪માં પણ સી.સી. રોડ બનાવવાની કામગીરી હાથ ધરાશે. ચાર દાયકા બાદ સ્ટ્રીટ લાઈટનું કામ હાથ ધરાયા બાદ સ્ટ્રીટ લાઈટનું કામ હાથ ધરાયા બાદ સેકટરવાસીઓને હવે રસ્તાઓની પણ યોગ્ય સુવિધા ઉપલબ્ધ થશે.










**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES Unbeatable! CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI

BENELAVE BATH FITTINGS | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com